ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૭.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૫૭ ટકા

# શહેરના બજારોમાં નાસપતિની અઢળક આવક

## ચોમાસાના પ્રારંભે આવતું આ ફળ ઉપવાસમાં સૌથી વધારે ખવાય છે : ખાવામાં સ્વાદિષ્ટ અને ભરપૂર ગુણો ધરાવતું આ ફળ ડાયાબિટીશના દર્દીઓ માટે ફાયદારૂપ

ગાંધીનગર, તા.૪

ચોમાસાની મોસમ શરૂ થઈ ગઈ છે ત્યારે શહેરના બજારોમાં અવનવા ફળોનું આગમન થયેલું જોવા મળી રહ્યું છે. ફળોની લારીઓમાં રંગબેરંગી સ્વાદિષ્ટ ફળો જોવા મળી રહ્યા છે. તેમાંનું એક પૌષ્ટિક ફળ છે નાસપતિ. લીલા રંગના આ ફળો ચોમાસાની ઋતુમાં ખાસ જોવા મળે છે. તેનો ખાસ કરીને ઉપવાસમાં મોટા ભાગના માણસો સેવન કરે છે. આ ફળ આરોગ્ય માટે ખૂબ જ ફાયદાકારક પણ છે.

ફળોને સ્વાસ્થ્યનો ખજાનો તરીકે ઓળખવામાં આવે છે. દરેક ફળના પોતપોતાના ગુણધર્મો હોય છે. આ ગુણધર્મો શરીરને અનેક પોષક તત્વો, પ્રોટિન, વિટામિન્સ, મિનરલ પુરા પાડે છે. નાસપતિને બીજા નામથી પણ ઓળખવામાં આવે છે જેને બબુપોચા તરીકે બોલાય છે. જે સ્વાદમાં મધુર હોય છે. બબુપોચા પોચા હોય છે અને નાસપતિ કઠણ હોય છે. નાસપતિ અને બબુપોચાના ગુણ સમાન જ હોય છે. બંને સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે. લારીઓમાં મળતા જમરૂખ અને બબુપોચાને ઓળખવામાં ગ્રાહકો થાપ ખાઈ જાય છે.



### ● નાસપતિના સેવનથી થતા ફાયદા ●

- નાસપતિનું સેવન કરવાથી રોગપ્રતિકારક શકિત વધે છે.
- નાસપતિમાં વિટામીન સી ભરપૂર પ્રમાણમાં મળે છે. વિટામીન સીથી કોલેજનનું નિર્માણ થાય છે અને રકતવાહીકાઓને મજબૂત બનાવે છે. વિટામીન સી યુકત આ ફળ ખાવાથી ત્વચા પણ સારી રહે છે.
- નાસપતિ ઝેરીલા પદાર્થ અને રસાયણોના સંપર્કમાં આવવાથી મોટા આંતરડાની કોશિકાઓની રક્ષા કરે છે.
- નાસપતિથી કફ તથા ગળાની ખરાશમાં પણ રાહત થય છે.
- નાસપતિનું સેવન કરવાથી આંખો સારી રહે છે. જે દરરોજ આ ફળનું સેવન કરે છે તેમની આંખોની દૃષ્ટિનું તેજ વધે છે.
- હાડકાંઓ મજબૂત બનાવવાનું કાર્ય કરે છે.
- શરીરમાં પૂરતા પ્રમાણમાં લોહીનું પ્રમાણ જાળવી રાખવાનું કામ નાસપતિ કરે છે.
- નાસપતિમાં પૈકિટન નામનું તત્વ હોય છે જે કબજિયાતને દૂર કરે છે.
- પથરીના દર્દી માટે પણ નાસપતિ રામબાણ ઈલાજ છે.
- ડાયાબિટીસના દર્દીઓ આરામથી નાસપતિનું સેવન કરી શકે છે.



કડી સર્વ વિદ્યાલય ગર્લ્સ હોસ્ટેલ સેકટર-૨ ઉમાં રવિવારે વાલી મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું.



લાયન્સ કલબ ગાંધીનગર ફેમિનાના પ્રમુખ ડિમ્પલબેન દેસાઈ તેમની ટીમની બહેનો સાથે પીપળજના અતુલ્ય ફાર્મ ખાતે અઢીસો જેટલા પાંચથી દસ ફૂટની સાઈઝના છોડવાની રોપણી કરી પર્યાવરણ બચાવો તથા વધુ વૃક્ષો વાવો સૂત્રને સાર્થક કરવા પ્રયત્ન કરાયો.

### શારદા સ્કુલ ઓફ ફાર્મસીનું ગૌરવ



જીટીયુ – ૨૦૨૨ ની બી.ફાર્મ. સેમેસ્ટર – ૧ ની યુનિવર્સિટીની પરીક્ષામાં શારદા સ્કુલ ઓફ ફાર્મસી કોલેજના વિદ્યાર્થી જાની સન્ની હરેશકુમારે ૧૦મુંસ્થાન યુનીવર્સીટીમાં પ્રાપ્ત કરેલ છે. જે બદલ કોલેજના મેનેજીંગ ટ્રસ્ટી ડો. નરેશ કે. પટેલ તથા ટ્રસ્ટી ડો. યોગેશ કે. પટેલ અને સ્ટાફ મિત્રોએ અભિનંદન પાઠવ્યા છે.



શહેરમાં ઘ-૫ સર્કલ પર મુખ્ય એલઈડી લાઈટ દિવસે ચાલુ જોવા મળી રહી છે અને આસપાસના સિગ્નલો બંધ પડી રહ્યા છે એટલે કે 'દિવા તળે અંધારું' જેવી પરિસ્થિતિ સર્જાઈ છે. દિવસે વીજળીનો વ્યય અને રાત્રે લાઈટોના થાંભલા બંધ હાલતમાં જોવા મળી રહ્યા છે.

### જન્મદિને વધામણી



**રમણલાલ ડી બારોટ**
પૂર્વ પ્રમુખ, ગુજરાત રાજ્ય ગ્રામસેવક મહામંડળ
મો. ૯૪૯૯૮ ૫૯૨૧૯



**પલ્લવી જે શાહ**
લાયોનેસ કલબ, ગાંધીનગર



**માહી સંજયભાઈ પંડ્યા**



**પૂર્વરાજસિંહ રાણા**
મો. ૮૧૪૧૭ ૧૬૧૦૯



**મિહિર પોમલ**
મો. ૭૯૯૦૯ ૪૭૭૩૫

# કેએસવીમાં પોસ્ટ ગ્રેજ્યુએટ પત્રકારત્વ ડિપ્લોમા માટે પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરની પ્રતિષ્ઠિત યુનિવર્સિટી કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા પત્રકારત્વનો પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમાનો અભ્યાસક્રમ ચાલી રહ્યો છે. જેનો નવા સત્રમાં પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. સ્પર્ધાત્મક યુગમાં પ્રતિભાશાળી વ્યક્તિત્વ ઘડતર માટે પત્રકારત્વનો અભ્યાસ ખૂબ જ મહત્વનો સાબિત થવા સાથે દરેક પ્રકારના કાર્યક્ષેત્રમાં પણ ખૂબ જ ઉપયોગી સાબિત થઈ રહ્યો છે જે માટે આજે તમામ વયના યુવાઓમાં પત્રકારત્વના કોર્સનું મહત્વ વધ્યું છે.

ગાંધીનગર ખાતેની કડી વિશ્વવિદ્યાલય દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે ગાંધીનગર ખાતે પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન છેલ્લા દસ વર્ષથી સફળતા પૂર્વક ચાલી રહ્યો છે જે અંતર્ગત તાલીમાર્થીઓને અગ્રણી પત્રકારો અને પત્રકારત્વક્ષેત્રના અનુભવી તજજ્ઞો દ્વારા તાલીમ આપવામાં આવે છે. આ પરિણામે અહીંથી તાલીમ પામેલા તાલીમાર્થીઓ અત્યારે સરકારી તથા ખાનગી મિડિયા ક્ષેત્રમાં સફળતાપૂર્વક કાર્ય કરી રહ્યાં છે અને સમાજને પોતાનું બહુમૂલ્ય યોગદાન આપી રહ્યાં છે. પત્રકારત્વના આ અભ્યાસક્રમમાં પત્રકારત્વના પાયાના સિદ્ધાંતો, લેખન કૌશલ ઉપરાંત પ્રવર્તમાન સમયમાં જરૂરી એવી એંકરિંગ, વોઈસ ઓવર, વોઈસ મોડયુલેશન, ડબિંગ અને કેમેરા ફેસિંગની પ્રેકટિકલ ટ્રેનિંગનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓને જરૂરી એવું ફિલ્ડ વર્ક પણ કરાવવામાં આવે છે તેમને પત્રકારત્વનાં સઘળાં પાસાંઓની થિયરિકલ તથા પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવે છે.

પત્રકારત્વના આ કોર્સનો સમયગાળો એક વર્ષનો છે અને સપ્તાહના છ દિવસ માટે દરરોજ સાંજે પ્રેકટિકલ સાથે થિયરિકલ તાલીમ આપવામાં આવે છે. આ કોર્સમાં પ્રવેશ મેળવવા માટે કોઈપણ વિષયમાં સ્નાતક (ગ્રેજ્યુએટ) પૂર્ણ કરનારા વિદ્યાર્થી પ્રવેશ પ્રાપ્ત કરી શકશે. આ કોર્સ માટે યુનિવર્સિટી બિલ્ડીંગ, એલ.ડી.આર.પી. કેમ્પસ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેકટર-૧૫, ખાતે સંપર્ક કરવાનો રહેશે. આ અંગે વધુ માહિતી માટે અભ્યાસ સંયોજક મિતેશ મોદી (૮૪૦૧૮૬૩૨૨૯)નો સંપર્ક સાધવાનો રહેશે તેવું જણાંવાયું છે.

# જે.એમ. ચૌધરીમાં વાલીસંમેલન યોજાયું



જે. એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય સેક્ટર-૭ ગાંધીનગર ગ્રાન્ટેડ વિભાગનું વાલીસંમેલન યોજાયું હતું. જેમાં છાત્રાલયમાં રહી અભ્યાસ કરતી બાળાઓના વાલીઓ ખુબજ મોટી સંખ્યામાં હાજર રહ્યા. જેમાં પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા તથા મહેસાણાના વાલીઓનો સમાવેશ થાય છે. આ સંમેલનમાં આરોગ્ય, સ્વચ્છતા, સફાઈ, નવી શિક્ષણનીતિ તથા વ્યવસાયલક્ષી જેવા વિષયોની ચર્ચા કરવામાં આવી હતી.

શાળાના આચાર્યા રમીલાબેન ચૌધરીએ આવેલ મહાનુભાવોનું ઉમળકા ભેર સ્વાગત પ્રવચન કર્યું હતું તેમજ આપેલ વિષયોની ચર્ચા કરી હતી. આ કાર્યક્રમમાં શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ ગાંધીનગરના તમામ હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા અને પ્રસંગોચિત ઉદ્બોધન કર્યું હતું.

## સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા ધો-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનું સન્માન કરાશે

ગાંધીનગર, તા.૪

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગર દ્વારા સભ્યશ્રીના સંતાનો, પૌત્ર, પૌત્રી, દોહીત્ર, દોહીત્રીએ વર્ષ ૨૦૨૨ માર્ચમાં ગુજરાત શિક્ષણ, ઉચ્ચતર માધ્યમિક બોર્ડ, માધ્યમિક બોર્ડ સીબીએસઈ દ્વારા ધો-૧૦ , ધો-૧૨, સામાન્ય પ્રવાહ વિજ્ઞાન પ્રવાહમાં ૭૫ ટકા કે તેથી વધુ ગુણાંક મેળવેલ હોય તેવા સંતાનોને પ્રોત્સાહિત કરવા ઈનામોત્સવમાં મેડલ, રોકડ રકમ અને સન્માનપત્ર આપવામાં આવશે. વિદ્યાર્થીએ માર્કશીટની પ્રમાણિત નકલ સાથે વાલીનું નામ, સરનામું, સંપર્ક નંબર તથા વિદ્યાર્થીનો સિસિકાના સભ્ય સાથેનો સંબંધ તથા સિસિકાના સભ્યશ્રીના સભ્યક્રમાંક, નામ, સરનામું સંપર્ક નંબર સાથે તા. ૩૧-૭-૨૦૨૨ સુધીમાં રૂબરૂ કાર્યાલય પર આપી જવાનું રહેશે. સન્માન ઓગષ્ટ ૨૦૨૨ની માસિક મીટીગમાં કરવામાં આવશે તેવું અખબારી યાદીમાં જણાવાયું છે.

## એ.વી.વી. ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં પેરેન્ટ્સ- ટીચર મીટીંગ યોજાઈ



બાળકોની ક્ષમતાઓનો ખ્યાલ મેળવવા તથા શાળા ના અભ્યાસક્રમ તથા દરેક વિષયોમાં બાળકોનો કેટલો પ્રભાવ છે એ અંગેનો ખ્યાલ મેળવવા વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ દ્વારા સંચાલિત એ.વી.વી. ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં પેરેન્ટ્સ- ટીચર મીટીંગ યોજવામાં આવી હતી. શાળામાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ, અભ્યાસક્રમ તથા શાળા ની પ્રણાલી વિશે માહિતી પ્રદાન કરવા આ વાલી મીટીંગ યોજવામાં આવી હતી. વાલીઓના સહકારથી પેરેન્ટ્સ ટીચર મીટીંગ સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી.



સર્કલ પર જ દરરોજ થતાં આ દબાણ ને કોણ હટાવશે દરરોજ આ જ રીતે સર્કલ પર અડીંગો જમાવીને બેઠેલા રીક્ષા ચાલકો અને ખાણીપીણી વાળા ટર્નિંગ પોઈન્ટ એટલે કે સર્કલ પર જ અડીંગો જમાવી દીધો છે જેના કારણે ટન લેવામાં ઘણી જ અડચણો નડે છે. વારંવાર અકસ્માતો સર્જાય છે. લાખોના ખર્ચે તૈયાર થયેલ ફૂટપાથ પર માટીના થર જામી ગયા છે. ફૂટપાથ પર ખાણીપીણી વાળાઓએ અડીંગો જમાવ્યો છે હવે ક્યારે ફેન્સિંગ કરી વૃક્ષો વવાશે ખબર નહી, લાખોના ખર્ચે લગાવેલા સીસીટીવી કેમેરામાં શું આ બધું નહી દેખાતું હોય. ટર્નીગ પર જ અડીંગો જમાવીને પાર્કિંગ કરાયેલી રીક્ષાઓને મેમા આપવા ન જોઈએ? ફૂટપાથ રોકીને રસ્તો બંધ કરતા ને મેમા આપવા ન જોઈએ? તંત્ર આ બાબતે ક્યારે સત્વરે પગલાં લે છે તે જોવાનું રહ્યું. આ સર્કલ ખ : ૭ ચોકડીનું છે.

## ધોળેશ્વર મહાદેવ અને માતા પાર્વતીને સુંદર શણગાર



સોમવાર એટલે મહાદેવ ભગવાન શંકર ભોળા નાથનો દિવસ. આજે ગાંધીનગર નજીક સાબરમતી નદીના સાનિધ્યમાં આવેલ પૌરાણિક ધોળેશ્વર મહાદેવને તેમજ માતા પાર્વતીને ખાસ શણગાર કરવામાં આવ્યો છે. આ મહાદેવ અતિ પૌરાણિક છે. આ મહાદેવના દર્શનનો ભારે મહિમા છે. શિવભક્તો મહાદેવના દર્શન કરી દર્શન કરી પાવન થાય છે.



લાયન્સ કલબ ગાંધીનગર ફેમિનાએ વર્ષની શરૂઆતમાં રથયાત્રામાં ભગવાન જગન્નાથજીની આરતી કણબા ગામે કરી હતી અને ભગવાનના આશીર્વાદથી સેવાના કાર્યની શરૂઆત કરી હતી. જેમાં ૩૦૫ તુલસીના રોપાનું વિતરણ કરાયું હતું અને સાથે સાથે કલબના નામની ઈકો ફ્રેન્ડલી બેગનું પણ વિતરણ કલબના ટેબ્લોમાં ફરીને કર્યું હતું.

# ઈંડિયન લાયન્સના સ્થાપના દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૪

ઈંડિયન લાયન્સનો ૨૮ મો સ્થાપના દિવસ હોટલ ગ્રીન એપલમાં ઈંડિયન લાયન્સ સ્વર્ણિમ કલબ ગાંધીનગર દ્વારા નેશનલ ચેરમેન અક્ષયભાઈ ઠક્કર, ચીફ પેટર્ન હિતેશ પંડ્યા, પ્રમુખ રાધેશ્યામભાઈ યાદવ, ઈમીજિયેટ પાસ્ટ ચેરપર્સન આશાબેન પંડયાની ઉપસ્થિતમાં ઉજવાયો હતો. સૌ પ્રથમ અતિથિઓ દ્વારા દિપ પ્રાકટય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં તસવીરએ ગાંધીનગરના મેનેજીંગ ડિરેક્ટર કશ્યપભાઈ તથા સાગર દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. અતિથિઓનું ફૂલમાળાથી સન્માન કરવામાં આવ્યું હતું અને કાર્યક્રમમાં વંદે માતરમ્ રાષ્ટ્રીય ગીતનું સમૂહ ગાન કરી કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો ત્યાર બાદ ઈંડિયન લાયન્સનું એન્થમ ગીત રજૂ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં પ્રેસિડેન્ટ રાધેશ્યામ યાદવ દ્વારા અતિથિઓનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. પૂર્વ પ્રમુખ કુંપલબેન દવે દ્વારા પ્રાસંગિક પ્રવચન કરવામાં આવ્યું હતું.



આ કાર્યક્રમમાં તસવીરે ગાંધીનગરના કશ્યપ નિમાવત, સાગર દેસાઈ અને ગાંધીનગર સમાચારના પત્રકાર સમીર રામીનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં પ્રમુખ રાધેશ્યામ યાદવ દ્વારા તારીખ ૧૭ જુલાઈ ૨૦૨૨ ના રોજ સવારે ૬ વાગ્યે યોજાનાર મેરેથોન દોડ ની વિગત આપવામાં આવી હતી, ઈંડિયન લાયન્સ સ્વદેશી સંસ્થા છે તેમાં જોડાઈ રાષ્ટ્ર ભાવના યુવાનો માં વધે તે માટે કામ કરવા અપીલ કરાઈ હતી. આ કાર્યક્રમમાં સૌ ને લાડું ખવડાવી સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

# હાર્ટફૂલનેસ સંસ્થાના સહયોગથી એચ કે રાજપુત સ્કુલમાં ધ્યાનની તાલીમનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૪

હાર્ટફૂલનેસ સંસ્થાના સહયોગથી એચ કે રાજપુત સ્કુલમાં ધ્યાનની તાલીમનો કાર્યક્રમ યોજાયો હતો. હાર્ટફૂલનેસ સંસ્થાના ટ્રેનર જ્યોતિ ગોસ્વામી હાર્ટફૂલનેસ સંસ્થાની ટીમ દ્વારા ધ્યાનથી તણાવમાંથી મુક્તિ, જીવનમાં સકારાત્મકતા, આત્મવિશ્વાસનો વિકાસ, આંતરિક દિવ્યતા, દૈનિક કામગીરીમાં ચોકકસતા જેવા ફાયદાઓ વિષે સમજ આપવામાં આવી હતી. ત્યારબાદ પ્રૅક્ટિકલી શારીરિક હળવાશ (રિલેક્ષશેશન ) કરાવવામાં આવ્યું હતું અને ત્યારબાદ પ્રત્યક્ષ ધ્યાનની (મેડિટેશન)અનુભૂતિ કરાવવામાં આવી હતી. મેડિટેશન પછી બહેનોના પ્રતિભાવ લેવામાં આવ્યા હતા. જે ખૂબ જ અનોખા અને હકારાત્મક રહ્યા હતા. વધુમાં સંસ્થા દ્વારા જણાવવામાં આવ્યું કે ધ્યાનની આ પધ્ધતિ પ્રાકૃતિક પધ્ધતિ છે અને તેમાં કોઈ પણ જાતના ભેદભાવ વગર સૌ કોઈ જોડાઈ શકે છે. આ માટે કોઈ પણ જાત ચાર્જ લાગતો નથી. અને આ સંસ્થા વિશ્વના ૧૬૦થી વધારે દેશોમાં કાર્યરત છે. નીતિનભાઈ પટેલ અને મનીષભાઈ પટેલનો સહયોગ ખૂબ જ સારો રહ્યો હતો.



## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. ચંદા સિંઘ,** ઉ.વ. ૬૦, સેકટર-૩ એ ન્યુ
- **સ્વ. ગોહેલ ગલીબેન શિવાભાઈ,** ઉ.વ. ૭૨, અમરાપુર, માણસા
- **સ્વ. વાંસફોડા વિજયભાઈ વિશાભાઈ,** ઉ.વ. ૩૪, સેકટર-૧૧, છાપરાં
- **સ્વ. મારવાડી રવિ શાંતિલાલ,** ઉ.વ. ૧૫, સેકટર-૨૪, છાપરાં
- **સ્વ. ઠાકોર રાધાબેન મનિષભાઈ,** ઉ.વ. ૩૭, સેકટર-૧૨, છાપરાં
- **સ્વ. ચૌહાણ પ્રવિણભાઈ કાન્તીભાઈ,** ઉ.વ. ૫૨, સેકટર-૧૪, છાપરાં